(શ્રીમદ્વલ્લભાચાર્યજીએ ઉપદેશ કરેલા)

પુષ્ટિમાર્ગ.

એટલે

ભગવાનની કૃપા પ્રાપ્ત કરવાનો માર્ગ, અથવા નિર્ગુણ ભક્તિમાર્ગ, અથવા ઇશ્વર પ્રત્યે શુદ્ધ પ્રેમનો માર્ગ.

અલ્હાબાદમાં હિંદનાં સર્વ ધર્મોની ભરાયલી બીજી પરિષદમાં
તા. ૯ મી જાન્યુઆરી સન ૧૯૧૧ ના રોજ વંચાયલો નિબંધ.

રચનાર અને ભાષાન્તર સાથે પ્રકટ કરનાર,
લલ્લુભાઈ પ્રાણવલ્લભદાસ પારેખ.
માજી નાજર સ્મૉલકૉઝ કોર્ટ—અમદાવાદ.
શ્રીવલ્લભચરિત્ર, શ્રીકૃષ્ણલીલામૃત, તત્ત્વદીપ-નિબંધ (ભાષાન્તર) વગેરેના કર્તા.

વલ્લભાબ્દ ૪૩૨. સંવત. ૧૯૬૭.
કીંમત આના બે.

અમદાવાદ—ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં
શાહ સોમાલાલ મંગળદાસે છાપ્યું.

(શ્રીમદ્વલ્લભાચાર્યજીએ ઉપદેશ કરેલો)

પુષ્ટિમાર્ગ

એટલે

ભગવાનની કૃપા પ્રાપ્ત કરવાનો માર્ગ, અથવા નિર્ગુણ ભક્તિમાર્ગ, અથવા ઇશ્વર પ્રત્યે શુદ્ધ પ્રેમનો માર્ગ.

માનવંતા પ્રમુખ સાહેબ, સન્નારીઓ અને સજ્જનોઃ—

શ્રીમદ્વલ્લભાચાર્યજી. શ્રીમદ્વલ્લભાચાર્યજી આર્યાવર્તના મહાન્ તત્ત્વવેત્તાઓમાંના એક મહાન્ અને અગ્રિમ તત્ત્વવેત્તા, બ્રહ્મવાદ અથવા શુદ્ધાદ્વૈત મતનું પ્રતિપાદન કરનાર, ભગવાનના એક મોટામાં મોટા ભક્ત, અને પુષ્ટિમાર્ગ અથવા ભગવાનની કૃપા પ્રાપ્ત કરવાનો માર્ગ, જેને નિર્ગુણભક્તિમાર્ગ, અથવા ભગવાન પ્રત્યે શુદ્ધ પ્રેમ રાખવાનો માર્ગ કહે છે, તે માર્ગનો ઉપદેશ કરનાર હતા.

એમનો (શ્રીમદ્વલ્લભાચાર્યજીનો) જન્મ ચંપારણ્યમાં ઇ. સ. ૧૪૭૯ (સંવત ૧૫૩૫) માં થયો હતો.

એમણે અત્યંત બાળવયમાં વેદાદિશાસ્ત્રોનો અભ્યાસ કરી, આર્યાવર્તના દક્ષિણ ભાગમાં તુંગભદ્રા નદીને દક્ષિણ કાંઠે વસેલા વિદ્યાનગર (વિજયનગર) ના મહાન્ બળવાન રાજ્યના વહિવટ કરનાર કૃષ્ણદેવ રાજાની સમક્ષ, તે વખતના ઘણા વિદ્વાન અને અગ્રિમ આચાર્યો અને પંડિતોની સભામાં બ્રહ્મવાદ અથવા

બ્રહ્મવાદ. શુદ્ધાદ્વૈતમતનું સ્થાપન કર્યું.[1] એ કારણથી ત્યાં મળેલા આચાર્યો અને વિદ્વાનોની સંમતિથી કૃષ્ણદેવરાજાએ એમને આચાર્ય અને મહાપ્રભુની પદવી આપી.

---

૧ આ વખતે એમની ઉંમર ચૌદથી વધારે વર્ષની નહોતી.

આ સ્થળ (અલ્હાબાદ) ની નજીકમાં આવેલા અડેલ અને ચરણાદ્રિ[1] (ચરણાટ) ગામોમાં રહી, એમણે પોતાની જીંદગીનો ઉત્તરભાગ તત્ત્વવિદ્યા સબંધી ગ્રંથો લખવામાં ગાળ્યો હતો, એ કારણથી કદાચ આપનામાંના કેટલાએકને એમના નામની માહિતી હશે.

પુષ્ટિમાર્ગ.

જે ભક્તિમાર્ગનો શ્રીમદ્વલ્લભાચાર્યજીએ ઉપદેશ કર્યો છે, તે ભક્તિમાર્ગને પારિભાષિક શબ્દોમાં "પુષ્ટિમાર્ગ" કહેવામ આવે છે. પુષ્ટિમાર્ગ એ વચનમાં માર્ગ શબ્દનો અર્થ રસ્તો, અને પુષ્ટિ શબ્દનો અર્થ સર્વશક્તિમાન ઈશ્વરની કૃપા થાય છે. જેમ કેટલાક ભૂલ ભરેલી રીતે ધારે છે તેમ, પુષ્ટિ શબ્દનો અર્થ શારીરિક પોષણ થતો નથી. એ પ્રમાણે હોવાથી પુષ્ટિમાર્ગ એ વચનનો અર્થ સર્વશક્તિમાન ઈશ્વરની કૃપા મેળવવાનો માર્ગ, એવો થાય છે.

જેઓ નિર્ગુણભક્તિમાર્ગે પ્રયાણ કરે છે, તેઓને ભગવાનની કૃપાની પ્રાપ્તિ થાય છે, એટલા કારણથી નિર્ગુણભક્તિમાર્ગ અને પુષ્ટિમાર્ગ એ બંને વચનો એકજ અર્થમાં વપરાય છે.

શ્રીમદ્વલ્લભાચાર્યજી ભક્તિની વ્યાખ્યા નીચે પ્રમાણે આપે છેઃ-

ભક્તિ.

ભગવાનના માહાત્મ્યજ્ઞાનસહિત, એમને વિષે, આ જગતના જે જે પદાર્થો ઉપર સ્નેહ હોય તે સર્વ કરતાં અધિક અને સુદૃઢ સ્નેહ રાખવો, એને ભક્તિ કહે છે. માત્ર આવા પ્રકારની ભક્તિથીજ મુક્તિ મળે છે, બીજા કોઇ સાધનથી મુક્તિ પ્રાપ્ત થતી નથી.[2]

---

૧ અલ્હાબાદની પાસે અડેલમાં અને બનારસની પાસે ચરણાદ્રિ (ચરણાટ)માં હજુસુધી એમની બેઠકો છે; હજારો યાત્રાળુઓ દરવર્ષે એ બેઠકોની મુલાકાતે જાય છે.

૨ माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढः सर्वतोधिकः ॥
स्नेहो भक्तिरिति प्रोक्तस्तया मुक्तिर्न चान्यथा ॥
— નિબંધ. શા. ૪:

ભક્તિના ચાર પ્રકાર.

પ્રકૃતિ અથવા માયા (ઈશ્વરની એક શક્તિ) માંથી ઉત્પન્ન થયેલા તામસ, રાજસ, અને સત્ત્વગુણોની સત્તા સર્વના વિચારો, વૃત્તિઓ અને કર્મો ઉપર ચાલે છે. તે કારણથી, ભક્તિ પણ જે અંતઃકરણની એક સ્થિતિ-વૃત્તિ છે, તે પણ ચાર પ્રકારની થાય છે. તે પ્રકાર તામસી, રાજસી, સાત્ત્વિક અને નિર્ગુણ (જેના ઉપર ઉપર લખેલા ત્રણ, ગુણોની સત્તા ચાલતી નથી તે) છે.

તામસી ભક્તિ

કોઈને પીડા કરવાના વિચારથી, કપટ કરવાના વિચારથી, અથવા બીજાનો ઉત્કર્ષ સહન ન કરવાથી, ક્રોધથી અથવા ભેદ દૃષ્ટિથી ભગવાનનું જે પૂજન કરવામાં આવે તેને તામસી ભક્તિ કહે છે.[1]

રાજસી ભક્તિ.

વિષયોની ઈચ્છાથી અથવા યશની ઈચ્છાથી, અથવા ઐશ્વર્યની ઈચ્છાથી, ભેદ રાખીને ભગવાનનું જે પૂજન કરવામાં આવે તેને રાજસી ભક્તિ કહે છે.[2]

સાત્ત્વિક ભક્તિ.

પાપનો નાશ કરવા સારૂ, કર્મો અર્પણ કરીને ઈશ્વરને પ્રસન્ન કરવા માટે ઈશ્વરનું યજન કરવું જોઈએ, તે વિના કર્મો નિષ્ફળ થાય છે, તે માટે, ભેદદૃષ્ટિ રાખીને ઈશ્વરનું જે પૂજન કરવામાં આવે તેને સાત્ત્વિક ભક્તિ કહે છે.[3]

---

૧ अभिसन्धाय यो हिंसां दम्भं मात्सर्यमेव वा ।
संरम्भी भिन्नदृग्भावं मयि कुर्यात्स तामसः ॥ ભા. ૩-૨૯-૮

૨ विषयानभिसन्धाय यश ऐश्वर्यमेवं वा ।
अर्चादावर्चयेद्यो मां पृथग्भावः सः राजसः ॥ भा. ३-२९-९.

३ कर्मनिर्हारमुद्दिश्य परस्मिन्वा तदर्पणम् ।
यजेद्यष्टव्यमिति वा पृथग्भावः स सात्त्विकः ॥ભા. ૩-૨૯-૧૦.

પર્વતાદિને ભેદી તેઓથી થતી અડચણોને દૂર કરી, જેમ ગંગાજીનો પ્રવાહ સમુદ્રને વિષે અવિચ્છિન્ન ચાલે છે, તેમ લૌકિક વૈદિક પ્રતિબંધો દૂર કરી, સર્વની ગુહાશયમાં સ્થિતિ કરતા ભગવાનને વિષે મનની અવિચ્છિન્ન જે ગતિ, તેને નિર્ગુણ ભક્તિ કહે છે.[1]

નિર્ગુણ ભક્તિ.

આ ભક્તિ અહેતુકી (નિમિત્ત વગરની), ફળની ઇચ્છા રહિત, ભગવાનની સેવા કરવાના હેતુથી, પ્રેમપૂર્વક હોવી જોઇએ.[2]

આ ભક્તિ જે પુરૂષોત્તમ (ઉત્તમ પુરૂષ) સર્વની ગુહાશયમાં રહે છે, તેમને વિષે હોવી જોઇએ, પણ એમના અવતારોને વિષે નહિ હોવી જોઇએ[3]

આ પ્રકારની નિર્ગુણ ભક્તિની સ્થાપના શ્રીમદ્વલ્લભાચાર્યજીએ કરી છે.[4]

બ્રહ્મવાદના સિદ્ધાન્ત પ્રમાણે, જે સર્વશક્તિમાન પરમેશ્વરમાંથી આ સઘળું જગત, અને તેના દેવ, દેવતાઓ વગેરે ઉત્પન્ન થાય છે, તેજ પરમેશ્વર, સ્નેહ કરવા યોગ્ય, સેવન કરવા યોગ્ય અને પૂજન કરવા યોગ્ય છે. જ્યારે તે પરમાત્મા અનેક થવાની ઇચ્છા કરે છે[5] ત્યારે (એમના-

જગત, દેવ, દેવતાઓ.

---

૧ सर्वगुहाशये मयि भगवति प्रतिबन्धरहिता अविच्छिन्ना या मनोगतिः पर्वतादिभेदनमपि कृत्वा यथा गंगाम्भः अम्बुधौ गच्छति तथा लौकिकवैदिकप्रतिबन्धान् दूरीकृत्य या भगवति मनसो गतिः (सुबोधिनी पृ. ७४५) भा. ३-२९-११.

૨ प्रेमपूर्विका सेवाहेतुः फलाभिसन्धानं तद्रहिता अहेतुकी अनिमित्ता वा. (સુબોધિની પૃ. ૭૪૫.) ભા. ૩-૨૯-૧૨.

૩ पुरुषोत्तम एव भक्तिर्न तु पुरुषेष्ववतारेषु ॥
(સુ. ભા. ૩-૨૯-૧૨) પૃષ્ટ ૭૪૫

૪ अस्मत्प्रतिपादितश्च नैर्गुण्यः (સુ. પૃ. ૮૩૯) ભા. ૩-૩૨-૩૭

૫ एकोऽहं बहुस्याम्

માંથી) જગત્, તેના દેવો, અને બીજી વ્યકિતઓ ઉત્પન્ન થાય છે. દેવો વગેરે સર્વશકિતવાન પરમેશ્વરની જુદા જુદા પ્રકારની શક્તિઓ રૂપ છે. પરમેશ્વરની મુખ્ય ત્રણ શકિતઓ છે. તેઓ ઈશ્વરોના નામથી ઓળખાય છે. તે બ્રહ્મા, વિષ્ણુ, અને શિવ છે બ્રહ્મા પરમેશ્વરની ઉત્પન્ન કરનાર અથવા સૃજનાર શક્તિરૂપ છે, વિષ્ણુ રક્ષણ કરનાર શક્તિરૂપ છે, અને શિવ સંહાર કરનાર શક્તિરૂપ છે. આ ત્રણે દેવો (ઇશ્વરો) સર્વશક્તિમાન પરમેશ્વરની આજ્ઞાનુસાર કામ કરે છે. આ ત્રણે દેવો ત્રણ ગુણના અધિષ્ઠાતા છે. બ્રહ્મા રાજસગુણના અધિષ્ટાતા છે; વિષ્ણુ સત્વગુણના અને શિવજી તમોગુણના અધિષ્ટાતા છે. એ ત્રણે દેવો ઉપર એ ત્રણે ગુણની થોડી અથવા જ્યાદે સત્તા ચાલે છે, એ કારણથી એ ત્રણે સગુણ ઇશ્વરો (દેવો) કહેવાય છે.

બ્રહ્મા, વિષ્ણુ, અને શિવ.

ઉપર કહેલા ત્રણ ઇશ્વરો (બ્રહ્મા, વિષ્ણુ અને શિવ) થી ઉતરતી પંક્તિની, અને મનુષ્ય કરતાં ચઢતી પંકિતની, સંખ્યાબંધ વ્યકિતઓ છે. તેઓ દેવ કહેવાય છે, જેવા કે ઇન્દ્ર, વરૂણ, સૂર્ય વગેરે. આ દેવો કુદરતનાં જુદાં જુદાં ખાતાંઓ ઉપર અધિપતિપણું ભોગવે છે, અને તે સઘળા સર્વશકિતમાન પરમેશ્વરને આધીન છે.

દેવો.

જેમ કોઇ સાધારણ નોકર પોતાના પ્રત્યક્ષ ઉપરીને સર્વશકિતમાન ધારી તેની શ્રદ્ધાપૂર્વક સેવા ચાકરી બજાવે છે, તેમ કેટલાંક મનુષ્યો ઉતરતી પંકિતની વ્યકિતઓ અથવા તત્વો જેવાં કે ઇન્દ્ર, વરૂણ, સૂર્ય, અગ્નિ વગેરેને સર્વશક્તિમાન ધારી તેઓનું સેવન પૂજન કરે છે. બીજા બ્રહ્મા, વિષ્ણુ અને શિવની પૂજા કરે છે. પુષ્ટિમાર્ગમાં તો જે સર્વોપરિ તત્ત્વ છે, અને જેને વેદો અને

પુરૂષોત્તમ.[1]

---

1 સં ઉત્તમઃ પુરુષઃ ॥

ગીતામાં પુરુષોત્તમ[1] કહે છે, તેજ સર્વ કરતાં અધિક પ્રેમ રાખવા યોગ્ય, પૂજવા યોગ્ય, અને સેવન કરવા યોગ્ય માનવામાં આવે છે. એ સર્વશકિતવાન પુરૂષોત્તમ સર્વવ્યાપી, સર્વ સત્તાવીન અને સર્વજ્ઞ છે. જો કે સત્ત્વાદિ ત્રણ ગુણોની

નિર્ગુણ.

સત્તા સર્વ દેવ, સર્વ તત્ત્વો, અને કુદરતનાં સર્વ ખાતાંઓ ઉપર ચાલે છે, તો પણ તેઓની સત્તા એમના (ભગવાન–પરમાત્મા, પુરૂષોત્તમના) ઉપર ચાલતી નથી, માટેજ એ નિર્ગુણ[2] કહેવાય છે.

---

१ यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः (ગી. ૫–૧૮)

૨ જેમ કેટલાક ધારે છે તેમ વેદાદિ શાસ્ત્રોમાં નિર્ગુણ શબ્દ ધર્મ કે ગુણ રહિત એવા અર્થમાં વપરાતો નથી, પણ માયા કે પ્રકૃતિજન્ય સત્વરજ અને તમોગુણની જેના ઉપર સત્તા ચાલતી નથી, એવા અર્થમાં વપરાય છે. જો નિર્ગુણ શબ્દનો અર્થ ધર્મ રહિત કે ગુણ રહિત એવોજ થતો હોય તો, સર્વ શક્તિમાન ભગવાન ગુણ અથવા ધર્મ રહિતજ કહેવાય. જે પદાર્થમાં કોઇ ધર્મ કે ગુણ રહેલો નથી, તે પદાર્થ કોઇ પણ દુનિયામાં કશાએ ઉપયોગનો હોઇ શકતો નથી. વળી સર્વ શક્તિવાન ભગવાનના અનેક ગુણો કે ધર્મોનું વર્ણન શાસ્ત્રાદિમાં કરવામાં આવે છે, તે નિરર્થક થઇ જાય. શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં સર્વશક્તિવાન ભગવાનનું વર્ણન નીચે પ્રમાણે આપ્યું છે.

તે એક દેવ, સર્વ પ્રાણીઓમાં ગુપ્ત, સર્વ વ્યાપી, સર્વ પ્રાણીઓનો અંતરાત્મા, સર્વ કર્મોનો ફલદાતા, પ્રાણીઓના નિવાસરૂપ, સર્વનો દ્રષ્ટા ચેતનરૂપ, ઉપાધિરહિત અને નિર્ગુણ છે.*

વેદ અને શાસ્ત્રોમાં ભગવાનના ઘણા ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે. એ કારણથી નિર્ગુણ શબ્દનો અર્થ ગુણ કે ધર્મ રહિત કરવો એ અત્યંત ન્યાય વિરૂદ્ધ છે.

---

* एकोदेवः सर्वभूतेषु गुढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा ।
कर्माध्यक्षः सर्वभूताधिवासः साक्षी चेताः केवलो
निर्गुणश्च श्वेता ૬–૧૧ પૃષ્ઠ ૧૯૬

ઉતરતી પંકિતના દેવો કે વ્યકિતઓની પૂજા ખરેખર બીન ઉપયોગી કે પાપજનક નથી, કેમકે જેઓ આવા દેવ વગેરેને ભજે છે તેઓ એમનેજ પ્રાપ્ત થાય છે, અને સર્વશકિતવાન ભગવાનને જેઓ ભજે છે તેઓ ભગવાનનેજ પ્રાપ્ત થાય છે. માત્ર એ બંનેમાં તફાવત એટલોજ છે કે ઉપર કહેલા દેવોને ભજનારાઓને જે ફલ મળે છે, તે અંતવાળુ અથવા ક્ષણિક હોય છે, પણ જેઓ સર્વશકિતવાન ભગવાનને ભજે છે, તેઓને જે ફળ પ્રાપ્ત થાય છે તે અંતવગરનું અને હંમેશ ટકે એવું હોય છે [1]

દેવો સર્વશક્તિવાન ભગવાનના અંશ હોવાથી ગીતાજીમાં ભગવાન કહે છે કેઃ–હે કુંતીપુત્ર ! જે અન્ય દેવતાઓના ભકતો પણ શ્રદ્ધાવડે યુક્ત થઇને (તે દેવતાઓનું) પૂજન કરે છે, તેઓ પણ અવિધિપૂર્વક મનેજ પૂજે છે. [2]

ખરેખરી રીતે જોઇએ તો દુનિયામાં કોઇ પદાર્થ ધર્મ કે ગુણ રહિત નથી. એ કારણથી ભગવાનના સંબંધમાં જ્યાં જ્યાં નિર્ગુણ શબ્દ વાપરવામાં આવ્યો છે, ત્યાં ત્યાં તેનો અર્થ પ્રકૃતિજન્ય ત્રણ ગુણોની જેના ઉપર સત્તા ચાલતી નથી એવો થાય છે, અથવા પ્રકૃતિજન્ય પદાર્થોમાં જે ગુણો હોય છે તેજ ગુણો ભગવાનમાં હોતા નથી એવો થાય છે.

અમારે કહેવું જોઇએ કે ગીતાના ૧૩ મા અધ્યાયના ૧૪ મા શ્લોક ઉપરની ટીકામાં શ્રી શંકરાચાર્યજી 'નિર્ગુણ' શબ્દનો અર્થ ત્રણ ગુણની સત્તા રહિત એવો કરે છે. તેઓ કહે છે કે:–

निर्गुणं सत्त्वरजस्तमांसि गुणास्तैर्वर्जितम् ॥ પૃષ્ટ ૫૦૨.

અર્થ—નિર્ગુણ એટલે સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોથી વર્જીત.

શ્રીરામાનુજાચાર્ય પણ એ શ્લોક ઉપર ટીકા કરતાં કહે છે કે:—

तथा स्वभावत. सत्त्वादिगुणरहितम् ॥ પૃષ્ટ ૬૧૨ અર્થ—સ્વરૂપ થકીજ સત્વાદિ ગુણ રહિત.

---

१ अन्तवत्तु फलं तेषां तद्भवत्यल्पमेधसाम् ।
देवान्देवयजो यान्ति मद्भक्ता यान्ति मामपि ॥ ગી. ૭-૨૩

२ येऽप्यन्यदेवताभक्ता यजन्ते श्रद्धयाऽन्विताः ।
तेऽपि मामेव कौन्तेय यजन्त्यविधिपूर्वकम् ॥ ગી. ૯-૨૩

બ્રહ્મપુરાણ.

બ્રહ્મપુરાણ કહે છે કેઃ—બીજા દેવની મન કર્મ અને વચનથી ભક્તિ કરવાથી પ્રથમ અગ્નિની ભક્તિ ઉત્પન્ન થાય છે. એ ભક્તિથી અગ્નિ પ્રસન્ન થતાં સૂર્યની ભકિત ઉત્પન્ન થાય છે, અને સૂર્ય પ્રસન્ન થતાં શ્રીમહાદેવજીની ભકિત ઉત્પન્ન થાય છે. હે ઉત્તમ દ્વિજો! શ્રીમહાદેવજી પ્રસન્ન થતાં કેશવની[1] ભક્તિ ઉત્પન્ન થાય છે, અને પુરૂષ વાસુદેવ જગન્નાથનું ભજન કરીને આલોકને વિષે ભોગ અને જીવન મુકિતનો અનુભવ કરે છે.[2]

સર્વશકિતમાન ઇશ્વરની ભકિત.

આ પ્રમાણે નીચી પંક્તિના દેવોની ભક્ત કરવાથી અંતે સર્વશકિતવાન પરમેશ્વરની ભકિત ક્રમે કરીને ઉત્પન્ન થાય છે, તોપણ પુષ્ટિમાર્ગમાં તો ઉંચામાં ઉંચા દેવ, જે સર્વશક્તિવાન, જે સર્વ પ્રાણીઓમાં ગુપ્ત રીતે રહ્યા છે, જે સર્વના અંતરાત્મા છે, જે સર્વજ્ઞ વગેરે છે, તેમનાજ ઉપર પ્રેમ રખાય છે, અને તેમનીજ સેવા અને પૂજા થાય છે. બીજા દેવોની પૂજા માત્ર લગ્ન અને બીજા પ્રસંગોએ રીતિ અનુસાર કરવામાં આવે છે.

ભકિતમાં બે વ્યકિતઓ હોવી જોઇએ એમ ધારવામાં આવે છે, તોપણ પુષ્ટિમાર્ગમાં દ્વૈતનો સ્પર્શ

---

૧ क એટલે બ્રહ્મા અને ईश એટલે મહાદેવ, એ બંનેને સુખનું દાન કરનાર તે કેશવ, કૃષ્ણ પરમાત્મા.

૨ तुष्टे हुताशने तस्य भक्तिर्भवति भास्करे ।
पूजां करोति सततमादित्यस्य ततो द्विजाः ॥
प्रसन्ने भास्करे तस्य भक्तिर्भवति तत्त्वतः
सेवां करोति विधिवत् साधु शंभोः प्रयत्नतः ॥
तुष्टे त्रिलोचने तस्य भक्तिर्भवति केशवे
संपूज्य तं जगन्नाथं वासुदेवाख्यमव्ययम् ॥
ततो भुक्तिं च मुक्तिंच समाप्नोति द्विजोत्तमाः ५. ३१

દ્વૈતનો અભાવ. નથી, કેમકે જે પરમાત્માના ઉપર પ્રેમ (સ્નેહ) રાખવામાં આવે છે, તે પરમાત્મા પ્રેમ (સ્નેહ) રાખનારના આત્માજ છે.

કૃષ્ણ. પુષ્ટિમાર્ગમાં સર્વશક્તિમાન પરમેશ્વર સામાન્ય રીતે કૃષ્ણના નામથી ઓળખાય છે. કૃષ્ણ શબ્દનો અર્થ નીચે પ્રમાણે છે:—

કૃષ્ શબ્દ સત્તાવાચક છે, અને ण આનંદવાચક છે. એ બંનેનો ભેગો અર્થ કૃષ્ણ પરબ્રહ્મ થાય છે. [1]

ઉપનિષદોમાં કૃષ્ણને બ્રહ્મ કહે છે; સ્મૃતિઓમાં પરમાત્મા કહે છે અને શ્રીમદ્‌ભાગવતમાં ભગવાન કહે છે. [2]

મુખ્ય નિયમો. પુષ્ટિમાર્ગના અનુયાયીઓએ જે મુખ્ય નિયમો પાળવાના છે તે નીચે પ્રમાણે છે:—

(૧). દરેક જણે પોતાના વર્ણ અને આશ્રમના ધર્મ પોતાની શક્તિ પ્રમાણે પાળવા.

(૨) વિધર્મ એટલે જે પોતાના ધર્મ થકી ઉલટું હોય તેથી દૂર રહેવું.

(૩) પોતાના ઈન્દ્રિયો રૂપ અશ્વોને રોકવા.

આ ત્રણે વાનાં જીજ્ઞાસા કે કૌતુકની ખાતર પણ કદી તજવાં નહિ. [3]

પુષ્ટિમાર્ગે ચાલવાની ઇચ્છા રાખનાર નવીન મનુષ્યનુ

---

૧ कृषिर्भूवाचकः शब्दोणश्च निर्वृतिवाचकः
तयोरैक्यं परंब्रह्म कृष्ण इत्यभिधीयते ॥
ગોપાલ તાપિનીય ઉપનિષદ્ પૃ. ૫

૨ वेदान्ते च स्मृतौ ब्रह्मलिंगं भागवते तथा
ब्रह्मेति परमात्मेति भगवानिति शब्द्यते ॥
નિબંધ શા ૬

૩ स्वधर्माचरणं शक्तया विधर्माच्च निवर्तनम् ।
इन्द्रियाश्वावनिग्रहः सर्वथा न त्यजेत् त्रयम् ॥
નિબંધ સ૦ ૨૩૮

પ્રથમ પગથિયું. **પ્રથમ કર્તવ્ય આત્મનિવેદન અથવા આત્મસમર્પણ કરવું એ છે.**

બૃહદારણ્યક ઉપનિષદમાં કહ્યું છે કેઃ—

જે આ પ્રસિદ્ધ પરમાત્મા છે, તે સર્વ પ્રાણીમાત્રના અધિપતિ છે, સર્વ પ્રાણી માત્રના રાજા છે. જેમ રથના ચક્રની નાભિ અને નેમીને વિષે સર્વ આરાઓ અર્પિત છે, તેમજ એ પરમાત્માને વિષે સર્વભૂત, સર્વલોક, સર્વદેવ, સર્વ પ્રાણી અને સર્વ જીવાત્માઓ સમર્પિત છે. (૨–૫–૧૫) [1]

આ શ્રુતિ મનુષ્ય અને પરમાત્મા વચ્ચેનો સંબંધ બતાવે છે.

આત્મનિવેદન. સર્વ પ્રાણીઓનું મૂળ પરમાત્મા હોવાથી, તેઓએ પોતાને તેમજ પોતાના સર્વ પદાર્થોને એમને (પરમાત્માને) નિવેદન કરવા જોઇએ. આત્મનિવેદન કરવાથી ખસુસ આધ્યાત્મિક વૃદ્ધિ થાય છે. [2]

---

१ स वा अयमात्मा सर्वेषां भूतानामधिपतिः सर्वेषां भूतानां राजा तद्यथा रथनाभौ च रथनेमौ चाराः सर्वे समर्पिता एवमेवास्मिन्नात्मनि सर्वाणि भूतानि सर्वेदेवाः सर्वेलोकाः सर्वेप्राणाः सर्व एत आत्मानः समर्पिताः બ્રહદારણ્યક. ૨–૫–૧૫ પૃષ્ટ. ૧૨૮.

૨ જેમ જેમ આપણે આપણી જાતને ભુલી જઇએ છીએ, તેમ તેમ આપણે પોતાને, આપણી વસ્તુઓને, અને આપણી લાગણીઓને ઓછું મહત્વ આપતા જઇએ છીએ. આપણે સ્થાયી, વિકાર ન પામતા, અને વિકારને પાત્ર નહિ એવી વ્યક્તિઓ છીએ, અને બીજી વિચ્છિન્ન વ્યક્તિઓના મધ્યે વિચ્છિન્ન વ્યક્તિઓ તરીકે ઉભા છીએ, અને ન ભેદી શકાય એવાં કવચોથી એમનાથી જુદા પડેલા છીએ, એમ ન માનતાં, આપણે જે અમિત સત્તા આખા વિશ્વને ગ્રહણ કરે છે, જેની શકિતઓ જે ક્ષણિક શરીરોમાં આપણે વસીએ છીએ તેમાં કેંદ્રિત થઇ એકત્ર થાય છે, અને જે જે શરીરોમાં જે અમિત પ્રકાશના મંડળનાં કિરણો, જેનો પરીઘ નિઃસીમ છે, અને જેનું કેન્દ્ર સર્વસ્થળે છે, તે પ્રકાશનાં કિરણો સતત વહે છે, અને નિરંતર પરાવર્તન પામે છે, તે અમિત સત્તાના અંશો છીએ એમ જોતાં શીખીએ છીએ (જુઓ મેજીક વ્હાઇટ અને બ્લેક–ફ્રાંન્ઝ હાર્ટમેન એમ. ડી. કૃત પૃ. ૩૯)

આત્મનિવેદન અથવા આત્મસમર્પણ સર્વશકિતમાન ઈશ્વર પ્રત્યે કરવામાં આવે છે, કોઇ આચાર્ય કે ઇતર વ્યકિત પરત્વે કરવામાં આવતું નથી; પરંતુ તે આચાર્યના ઉપદેશથી શ્રીઠાકોરજીની સમક્ષ કરવામાં આવે છે.

આત્મ સમર્પણ અથવા આત્મ નિવેદન કરવાથી આપણો ઇશ્વરની સાથે સંબંધ થાય છે, અથવા ઇશ્વરની સાથે આપણો જે સંબંધ છે તેનું પુનઃસ્મરણ થાય છે.

બ્રહ્મસંબંધ, આ સંબંધને પારિભાષિક રીતે બ્રહ્મસંબંધ (સર્વ શક્તિમાન ઇશ્વરની સાથેનો સંબંધ) કહેવામાં આવે છે. આ સંબંધ થવાથી અથવા આ સંબંધનું પુનઃસ્મરણ થવાથી, શાસ્ત્રોમાં કહેલા પાંચે પ્રકારના દોષો ભક્તજનની (આત્મનિવેદન કરનારની) આત્મીય વૃદ્ધિમાં અંતરાય રૂપ થતા બંધ થાય છે.[1]

આ પ્રમાણે થાય છે એમાં કાંઇ આશ્ચર્ય નથી.[2]

ખ્રિસ્તી પવિત્રતાનું તત્વ એ છે કે આપણે ઇશ્વરને કેવળ આધીન રહેવું જોઇએ. (સિકનેસ અને ગોસ્પલ. ઓટ્ટો સ્ટોકમેયર પૃષ્ટ ૬)

૧ **ब्रह्मसंबंधकरणात्सर्वेषां देहजीवयोः ।**
सर्वदोषनिवृत्तिर्हि दोषाः पंचविधाः स्मृताः ॥

સિદ્ધાન્ત રહસ્ય ૨

૨ ડોકટર હાર્ટમેન્ન કહે છે કેઃ—જે કારણ ઉત્પન્ન કરવામાં આવ્યું હોય, તે કારણના પરિણામમાંથી બચવાને માટે, જેણે તે કારણ ઉત્પન્ન કર્યું હોય તેણે પોતે કોઇ અન્ય મનુષ્ય બની જવાનો યત્ન કરવોજ જોઇએ. જો એના અધમ ભાવોએ એને ભુલાવામાં નાંખ્યો હશે, તો તે ભાવો સહન કરશે, પણ જો તે પોતાના ઉત્તમ ભાવોની સાથે પોતાના સ્વભાવને એકતા પ્રાપ્ત કરાવવામાં શક્તિવાન થશે, અને તેમ થવાથી પોતે કોઇ બીજા પ્રકારનો પ્રાણી થઇ જશે, તો તે અધમ ભાવોને જે સહન કરવું પડશે, તે એને અત્યંત મહત્વનું થઇ પડશે નહિ. પાપની ક્ષમા સંબંધી તત્વવિદ્વોનો આજ માત્ર બુદ્ધિને અનુસરે એવો ખુલાસો છે. (જુઓ મેટ્ફ્રહાઇટ અને બ્લેક–પૃષ્ટ ૧૪૭)

પુષ્ટિમાર્ગમાં ભકતે જે બીજુ પગથિયુ ચઢવાનું છે, તે સર્વ શક્તિમાન ભગવાનની સેવા કરવાનું છે.

બીજું પગથિયું. શ્રીમદ્વલ્લભાચાર્યજીએ સેવાની જે વ્યાખ્યા આપી છે તેનો અર્થ એ થાય છે કે:—

ભકતના મનનુ સર્વ શકિતમાન ભગવાનમાં સંપૂર્ણ રીતે ગુંથાવું, અથવા ભકતનું ચૈતન્ય સર્વ શકિતમાન ઇશ્વરને હવાલે હોવું, અથવા ભક્તના હૃદયનું સર્વદા સર્વ શકિતવાન ઇશ્વર તરફ વલણ હોવું.[1]

શોપનહોર કહે છે કે:—ઇશ્વરકૃપાના વ્યાપારના પરિણામને લીધે મનુષ્યનું આખુ જીવન બદલાઇ જાય છે, તે કારણથી અત્યાર પેહેલાં જે વસ્તુઓની પ્રાપ્તિની એ અત્યંત ઇચ્છા કરતો હતો તે વસ્તુઓની એ ઇચ્છા રાખતો નથી, અને તે એક નવીન મનુષ્ય થઇ જાય છે એમ કહીએ તો ચાલે. (મેજકવ્હાઇટ અને બ્લેક. પૃષ્ટ ૨૫૪)

આવાંજ કેટલાંક કારણોને લીધે પવિત્ર બાઇબલ કહે છે કે: તમારા ઉપર પાપની હકુમત ચાલશે નહિ, કેમકે તમે કાનુન (મર્યાદા) ની હકુમત તળે નથી, પણ કૃપા (પુષ્ટિ) ની હકુમત તળે છો.

ત્યારે પાપમાંથી તમને મુક્ત કર્યાથી તમે સદાચારના સેવકો થયા. (રોમન લોકોને પોલનો પત્ર ૬. પૃ. ૨૩૨)

ધર્મો સંબંધી પોતાના ત્રણ નિબંધોમાં જોનસ્ટુઅર્ટ મીલ કહેછે કે:—

પાપીઓને નિરાશામાં ગરકાવ ન કરવાને માટે ઉત્તમ ધર્મો ઇશ્વર કૃપા વિષે એટલું બધું વિવેચન કરે છે કે, ભાગ્યેજ કોઇને એમ ધારવાની ફરજ પડે કે મારા દોષોનું કદી નિવારણ થવાનું નથી.

બટલર પોતાના એનેલોજી ઓફ રીલિજીઅન્સ નામના ગ્રંથમાં ઇશ્વર કૃપા વિષે બોલતાં કહે છે કે:—આવી કૃપાના દાખલા આપણને નિત્ય કુદરતના વર્તનમાંથી મળી આવે છે, જેવા કે દુઃખના નિવારણને માટે દયા, રોગના નિવારણને માટે દવા, અને શત્રુઓના નિવારણને માટે મિત્રો.

---

[1] **कृष्णसेवा सदा कार्या मानसी सा परामता ॥ १ ॥**
चेतस्तत्प्रवणं सेवा तत्सिद्ध्यै तनुवित्तजा ॥
ततः संसारदुःखस्य निवृत्तिर्ब्रह्मबोधनम् ॥ २ ॥
સિદ્ધાન્તમુક્તાવલિ.

સેવા ત્રણ પ્રકારની છે તનુજા (શરીરથી થાય તે), વિત્તજા (દ્રવ્યથી થાય તે) અને માનસી (મનથી થાય તે). પેહેલા બે પ્રકારની સેવા સાધક (નવીન) ને માટે છે, અને ત્રીજા પ્રકારની સેવા ઘણો આગળ વધ્યો હોય તેને માટે છે. તનુજા અને વિત્તજા સેવા કરવાથી દુનિયાંદારીનાં દુઃખોની નિવૃત્તિ થાય છે, બ્રહ્મ (ઇશ્વર) નું જ્ઞાન પ્રાપ્ત થાય છે, અને માનસી સેવા કરવાની યોગ્યતા સંપાદન કરી શકાય છે.

સેવા કરવાનો હેતુ, સર્વ શક્તિમાનઇશ્વરમાં મનને સંપૂર્ણ રીતે ગુંથાયલુ રાખવું એ હોવાથી, સાધારણ રીતે તે કોઇ સ્વરૂપ અથવા મૂર્તિ પરત્વે કરવામાં આવે છે.[1]

---

૧ એ વાત ખરી છે કે કેટલાક લોકો મૂર્તિપૂજાને પસંદ કરતા નથી. તેઓ એમ કહે છે કે બહારના (દશ્યમાન) દેવોને માનવાથી દેહાધ્યાસને પુષ્ટિ મળે છે. શ્રીમદ્વલ્લભાચાર્યજીએ જે સેવા કરવાની આજ્ઞા કરી છે, તે કરવાથી આ પરિણામ થવાનો સંભવ નથી, કેમકે જે સેવા કરવાની છે તે સર્વ શક્તિમાન ઇશ્વરનું મહત્વ કેવું છે તે વિષે માહિતી મેળવી કરવાની છે. આત્મનિવેદન કરતી વખતેજ તે સ્વરૂપ અથવા મૂર્તિને સર્વ શક્તિવાન ઇશ્વર તરીકે ગણે છે, કેમકે ઇશ્વર સર્વ વ્યાપી હોવાથી સ્વરૂપ અથવા મૂર્તિમાં પણ હાજર છે.

મૂર્તિપૂજાની સામે બીજો વાંધો એ બતાવવામાં આવે છે કે તેને લીધે જે મનુષ્યો કૃપા-પ્રસાદ—અનુગ્રહ પ્રાપ્ત કરવાને યોગ્ય છે તેમના કરતાં જેઓ તે પ્રાપ્ત કરવાને યોગ્ય નથી તે લોકો કૃપા—પ્રસાદ કે અનુગ્રહને માટે યાચના કરવાને લલચાય છે. શ્રીમદ્વલ્લભાચાર્યજીએ જે સેવા કરવાનો ઉપદેશ કર્યો છે તેને આ વાંધો પણ લાગુ પડતો નથી, કેમકે સર્વ શક્તિમાન ઇશ્વરનો શો અભિપ્રાય છે તે જાણવામાં આવતું નથી, અને એ સર્વ ઠેકાણે પોતાના અભિપ્રાય પ્રમાણે સર્વ કરવાને સમર્થ છે, તે કારણથી પુષ્ટિમાર્ગના સાચા અનુયાયીને કૃપાને માટે યાચના કરવાની રજા આપવામાં આવી નથી*

---

* प्रार्थिते वा ततः किं स्यात्स्वाम्यभिप्रायसंशयात् ।
सर्वत्र तस्य सर्वं हि सर्वसामर्थ्यमेव च ॥ વિવેક. ધૈ. આ. ૨

ભકતે મૂર્તિ કે સ્વરૂપને સર્વ શકિતમાન ઇશ્વર ધારવા જોઈએ, અને એમ વિચાર કરવો જોઇએ કે મૂર્તિ કે સ્વરૂપની જે સેવા કરવામાં આવે છે તે સર્વ શક્તિમાન ઇશ્વરનીજ સેવા કરવામાં આવે છે [1].

જેણે પોતાની જાત, તેમજ પોતાનું સર્વસ્વ શ્રીહરિને અર્પણ કર્યું છે, તેને પોતાની જાત સબંધી ઇચ્છાઓની પૂર્તિને માટે પ્રાર્થના કરવાની હોતીજ નથી.

એવી પણ દલીલ કરવામાં આવે છે કે સાધુઓ (પૂજારીઓ) ની સત્તાનો વધારો થવામાં, અને સિંહાસન ઉપરથી ખરા ઇશ્વરને ઉડાડી મુકી તેને બદલે તેના ઉપર ખોટા સાધુ (પૂજારી) ને સ્થાપન કરવામાં મૂર્તિપૂજા સહાયભૂત થાય છે. (આ શંકાનો ઉત્તર એ છે કે:—) જ્યાં સર્વ શકિતમાન ઇશ્વરની સેવા કરવી એ સાધુ (પૂજારી) કે સંસારી સર્વની પ્રથમ ફરજ છે, ત્યાં સાધુ (પૂજારી)ની સત્તા વધી પડવાની દેહેશત નથી. સેવા દરેક મનુષ્યે પોતાની જાતે કરવાની છે, સાધુ (પૂજારી) દ્વારા કરાવવાની નથી.

એમ પણ દલીલ કરવામાં આવે છે કે:—આગળ વધેલો હોવાથી જે માણસને આકારરૂપ આભાસની જરૂર ન હોય, અને જે ખરા ઇશ્વરને પોતાના અંતઃકરણમાં જોઇ કે જાણી શકતો હોય, તે માણસના ચિત્તને દોરવાને માટે આભાસોની જરૂર નથી. તે માણસતો સનાતન ઇશ્વરના દેવાલયને પોતાના આત્મામાંજ વહન કરે છે, અને વિધિ નિષેધ રહિત તેની સેવા પૂજા સતત્ અર્ચનદ્વારા કરે છે. (જુઓ મેજીક વ્હાઇટ અને બ્લેક – ફ્રાન્ઝહાર્ટમેન્ન એમ. ડી. કૃત) આ દલીલ પ્રશ્નાકાંક્ષા રાખનારી છે. જેઓ એટલા બધા આગળ વધ્યા છે કે તેમને આકારરૂપ આભાસની જરૂર નથી, અને જેઓ ઇશ્વરના અસ્તિત્વનો પોતાના અંતઃકરણને વિષે અનુભવ કરી શકે છે, તેઓને માનસી સેવા કરવાની અમારા આચાર્યશ્રીએ પરવાનગી આપી છે. પણ જેઓ આ કાર્ય કરવાને શકિતવાન નથી અને જેઓને પોતાના મન આગળ કોઇ ઈન્દ્રિયગ્રાહ્ય પદાર્થની જરૂર છે તેઓની, જો સ્વરૂપ અથવા મૂર્તિપૂજા—સેવાની મના કરવામાં આવે તો, શી વલે થશે ? જે બાળકે રાજા–બાદશાહને કદી જોયો નથી તે બાળકને

---

१ यन्मूर्तौ कृतं सर्वं भगवति कृतं भवति ॥ (નિબંધ પૃ. ૯)

સર્વશક્તિવાન ઇશ્વરની સેવા કરવાથી મનની એકાગ્રતાનો અથવા ધ્યાનનો અભ્યાસ થાય છે, અને મન ભગવાનમાં ગુંથાયલું રહે છે.

રાજા–બાદશાહનું ચિત્ર કે ફોટોગ્રાફ બતાવ્યા સિવાય તે (રાજા–બાદશાહ) કેવો છે એ વિષેનો વિચાર તેના મનમાં તમે શી રીતે મુકી શકશો ? અમુક ઉદ્દેશને માટે મૂર્તિ અથવા સ્વરૂપનો સાધન તરીકે ઉપયોગ કરવાની સામે કાંઇપણ વાસ્તવિક વાંધો હોય એમ અમે જોઇ શકતા નથી.

થોમસ કાર્લાઇલ પોતાના સાર્ટરરીસાર્ટસ નામના ગ્રંથમાં કહે છે કે, યોગ્ય ચિન્હની અંદર થોડે અથવા ઘણે અંશે સિદ્ધિ અને સ્પષ્ટ રીતે નિઃસીમ (ઇશ્વર) ની શરીરિતા (મૂર્તિમત્તા) અને આવિષ્કરણ રહેલાં છે. જે નિઃસીમ છે તેને સીમાવાળાની સાથે મળી જતો બનાવવામાં આવે છે, તથા દસ્યરીતે ઉભો રહેલો, અને જાણે ત્યાંજ પ્રાપ્ત થઇ શકે એવો બનાવવામાં આવે છે. એ કારણથી ચિન્હોથી મનુષ્ય દોરાય છે, સુખી કરાય છે, દુઃખી કરાય છે. તે સર્વત્ર પોતાને ચિન્હોથી વિંટાયલો જુએ છે. આ વિશ્વ પણ ઇશ્વરનું એક મોટામાં મોટું ચિન્હ છે (પૃષ્ટ ૨૯૦)

સઘળા આકારો માત્ર છાયા છે, તે સઘળા અદસ્ય સત્યોનેજ બતાવે છે. બુદ્ધિરૂપી નિર્મળ પ્રકાશના યોગવડે સર્વ આભાસો અંતે દૂર થશે, અને સત્ય દસ્યમાન થશે, અને તે આકારોમાં છુપાઇ ન રહેતાં આધ્યાત્મિક જાગૃતિ પ્રાપ્ત કરેલા મનુષ્યની આશ્ચર્ય પામતી દષ્ટિ આગળ પોતાની ઉત્કૃષ્ટ પ્રભાને વિષે દેખાશે (મેજીકવ્હાઇટ અને બ્લેક પૃષ્ટ ૯૪)

આકારનો હેતુ તત્વનો આદર્શ બતાવવાનો છે. જ્યાંસુધી કોઇ આકાર કોઇ તત્વના ખરા આદર્શરૂપ જણાતો હોય ત્યાં સુધી તે તત્વ તેને જીવન આપે છે. (એજન પૃષ્ટ ૧૪૦)

જો કોઇ મનુષ્ય સત્ય જાણતો હોય, તો તે તે સત્યને કયુ નામ આપે છે, અથવા જેને આકારવાળુ બનાવી શકાય એવું નથી, તેને તે કેવા આકારથી બતાવવાનો યત્ન કરે છે, એ મહત્વનું નથી.

જે બૌદ્ધ બુદ્ધના દેવળમાં પુષ્પ અને ફળો અર્પણ કરે છે, તે નેઝરેથના જીસસ ક્રાઇસ્ટની છબીમાં જે ઉત્તમોત્તમ ભાવનું આદર્શ જુએ છે તેની માફક, સત્યની નજીક છે (એજન પૃષ્ટ ૨૪૩)

મૂર્તિ એટલે જો પાર્થિવ આકાર છે તે. તે જડ અથવા અજડ (અ-

તનુજા, વિત્તજા કે માનસી સેવા કેટલાક વખત સુધી બુદ્ધિપૂર્વક કરવાથી સેવાની ઉપયોગિતાનો ઉત્તમ રીતે અનુભવ કરવામાં આવશે.

શ્રીમદ્ભાગવત કહે છે કેઃ—વૃક્ષના મૂળને પાણી પાવાથી

મૂર્ત) પદાર્થના ચિન્હ તરીકે વપરાય છે. જીંદગીનાં સઘળાં ખાતાઓમાં ચિન્હોનો ઉપયોગ છે. છબી, ફોટોગ્રાફ, નકશો, નિશાની, આકાર વગેરે જુદા જુદા પદાર્થની મૂર્તિઓ અથવા ચિન્હો છે. જે પ્રમાણે (ધાતુના) સિક્કાના ઉપયોગને અભાવે સઘળો નાણા સબંધી વ્યવહાર અટકી પડવાનો સંભવ છે, તે પ્રમાણે ચિન્હોનો ઉપયોગ બંધ કરવાથી દુનિયાનો સઘળો વ્યવહાર અટકી પડવાનો સંભવ છે.

શું વર્ણો (क, ख, ग, વગેરે) જુદા જુદા નાદની મૂર્તિઓ અથવા ચિન્હો નથી ? શું શબ્દો જુદા જુદા વિચારો કે વૃત્તિઓના જુદા જુદા આકાર નથી. જુદા જુદા સિક્કાઓ કિંમત અથવા મૂલ્ય સંબંધી વિચારોની મૂર્તિઓજ છે. મનીઓર્ડરો, હુંડીપત્રીઓ વગેરે તેવાજ પ્રકારના વિચારોનાં જુદાં જુદાં ચિન્હો છે. પૃથ્વી, ઘર, વગેરેના નકશા જે જે પદાર્થના તે આદર્શરૂપ છે તે તે પદાર્થોની મૂર્તિઓજ છે. છબીઓ, ફોટોગ્રાફ વગેરેનો સમાસ તે વર્ગમાંજ થાય છે.

જ્યારે મૂર્તિ કે ચિન્હો જીંદગીના તમામ વ્યાપારો (ખાતાઓ) માં વાપરવામાં આવે છે, ત્યારે સર્વ શક્તિવાન ઇશ્વરના સબંધમાં તે કેમ ન વાપરવાં જોઇએ ? આપ નૃપ-બાદશાહને તેના ફોટોને માન આપવાથી માન આપી શકોછો, ત્યારે સર્વ શક્તિમાન ઇશ્વરની મૂર્તિ કે સ્વરૂપની પૂજા કે સેવા કરવાથી કેમ તેમ કરી શકો નહિ ?

ખરેખર એ માંગલિક ચિન્હ છે કે કેળવાયલા લોકો હવે સેવાની ઉપયોગિતા સમજવા લાગ્યા છે. કનખલમાં રામકૃષ્ણ સેવાશ્રમ, પુનામાં હિંદના સેવકોનું મંડળ, અને મુંબાઇમાં સેવાસદન એ આ વાતના પુરાવા તરીકે છે. જો કે આ સંસ્થાઓનો હેતુ લોક-ઇશ્વરે બનાવેલાં મનુષ્યો-ની સેવા કરવાનો છે, તોપણ લોક સેવા કેટલાક કાળ સુધી કરવાથી સર્વ શક્તિમાન ઇશ્વરની સેવાની ઉપયોગિતા વિષે તેઓ સમજવાને શક્તિવાન થશે. એ વાત યાદ રાખવી જોઇએ કે સર્વ શક્તિવાન ઇશ્વરના સેવા કરવાનું ફળ લોક, જે ઇશ્વરેજ બનાવેલા છે, તેમનેજ મળવાનો સંભવ છે.

તેના થડને, શાખાઓને અને ઉપશાખાઓને જેમ પોષણ મળે છે, તેમ પ્રાણને ખોરાક આપવાથી ઇન્દ્રિયોને પોષણ મળે છે. એજ પ્રમાણે સર્વ 'શક્તિવાન ઇશ્વરની સેવાનું જાણવું', અર્થાત્ ઇશ્વરની સેવા કરવાથી આખા વિશ્વ અથવા જગત્‌ની સેવા થાય છે.

ઉપયોગ કરતા પેહેલાં સર્વ પદાર્થો ઇશ્વરને અર્પણ કરવા જોઇએ.

સાધકે જે બીજું પગથિયું ચડવાનું છે તે એ છે કે પોતે ઉપયોગમાં લેતા પેહેલાં સર્વ પદાર્થો ઇશ્વરને અર્પણ કરવાં, પછી તે પદાર્થો ખોરાક, કપડાં, કે કર્મ ગમે તે હોય.

આત્મનિવેદન કરતા પેહેલાં જે પાપો કરવામાં આવ્યાં હોય તે આત્મનિવેદનથી ઘસડાઈ જાય છે. નવા દોષ કે પાપ ઉત્પન્ન ન થાય એને માટે જરૂરનું છે કે, ભક્તજન જે જે વસ્તુઓ વાપરે, તે તેણે સર્વશક્તિમાન ઇશ્વરને અર્પણ કરી વાપરવી જોઇએ.[2]

છાંદોગ્ય ઉપનિષદ્ કહે છે કે:—પોતાના ખોરાકની પવિત્રતાથી એ પોતાની પ્રકૃતિને વિષે પવિત્ર થાય છે. અને પ્રકૃતિની પવિત્રતા થતાં એ (ઇશ્વરની) સ્મૃતિ પ્રાપ્ત કરે છે, અને સ્મૃતિ પ્રાપ્ત કરવાથી શરીર સંબંધી તમામ આસક્તિઓ જુદી પડે છે (દૂર થાય છે)[3]

સર્વ શક્તિમાન ઇશ્વરજ પવિત્ર કરનાર શ્રેષ્ઠ તત્ત્વ હોવાથી જે જે પદાર્થો એમને અર્પણ કરવામાં આવ્યા હોય પછી તે ખોરાકનાં દ્રવ્યો, વિચાર, કર્મ વગેરે ગમે તે હોય, તે સઘળા પોતાનો દોષ ખુએ છે, અને પવિત્ર થાય છે.

---

(૧) यथा तरोर्मूलनिषेचनेन तृप्यंति तत्स्कंध भुजोपशाखाः ।
प्राणोपहाराच्च यथेन्द्रियाणां तथैव सर्वार्हणमच्युतेज्या ॥
भागवत. ४-३१-१४.

(२) असमर्पित वस्तूनां तस्माद्वर्जन माचरेत् ॥ સિદ્ધાન્ત રહસ્ય. ૪.

(३) आहारशुद्धौ सत्त्वशुद्धिः सत्त्वशुद्धौ ध्रुवा स्मृतिः
स्मृतिलंभे सर्वग्रंथीनां विप्रमोक्षः છાંદોગ્ય ૭-૨૬ પૃ. ૪૩૫.

સર્વ પદાર્થો ઇશ્વરને અર્પણ કરવાના અભ્યાસથી મનુષ્ય પોતાનો અહંભાવ તજવાને અને ઇશ્વરનું મહત્ત્વ યાદ કરવાને શક્તિવાન થાય છે.

ગીતા કહે છે કે:-જે પુરૂષ બ્રહ્મને (બ્રહ્મમાં) અર્પણ કરીને તથા ફળની ઇચ્છા તજીને કર્મો કરે છે તે, જેમ કમળપત્ર જળથી ભીંજાતું નથી તેમ, પાપથી લેપાતો નથી.[1]

હે કુંતીપુત્ર! તું જે કરે છે, જે ખાય છે, જે હોમ કરેછે, જે દાન કરે છે, (ને) જે તપ કરેછે; તે મને અર્પણ કર.[2]

એ પ્રમાણે શુભાશુભ ફળવાળા કર્મ બંધનોથી તું છુટીશ, અને સંન્યાસયોગવડે જેનું ચિત્ત સમાહિત થયું છે એવો તું મુક્ત થઇને મને પામીશ.[3]

જીંદગીનું મધ્ય બિંદુ.

આપણી જીંદગીનું મધ્ય બિંદુ પાપ ફેરવી નાખે છે, અને આપણા સઘળા જીવિતને ખોટી દિશામાં વહન કરે છે. આપણી જીંદગીનું મધ્યબિંદુ ઇશ્વરને કરવાને બદલે આપણે પોતેજ જીંદગીનું મધ્યબિંદુ બનીએ છીએ, અને આપણામાં રહેલું સર્વ તે મધ્યબિંદુની આસપાસ ફરે છે. આ સ્થિતિને બદલવાને માટે, અને ઇશ્વરને આપણી જીંદગીનું મધ્ય બિંદુ બનાવવાને માટે જરૂરનું છે કે, ઇશ્વરની સેવા કરવી, અને આપણાં સઘળાં કૃત્યો વગેરે એમને અર્પણ અથવા નિવેદન કરવાં.

શ્રીમદ્વલ્લભાચાર્યજી કહે છે કે:—આત્મનિવેદનથી વાવેલું ભક્તિનું બીજ (પ્રેમ) દૃઢ થતાં તે, ત્યાગથી અને ઇશ્વરના શ્રવણ

---

(૧) ब्रह्मण्याधाय कर्माणि संगंत्यक्त्वा करोति यः ।
लिप्यते न स पापेन पद्मपत्रमिवाम्भसा ॥ ગીતા. ૫-૧૦.

(૨) यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौंतेय तत्कुरुष्व मदर्पणम् ॥ ગીતા. ૯-૨૭

(૩) शुभाशुभ फलैरेवं मोक्ष्यसे कर्मबन्धनैः ।
संन्यास योग युक्तात्मा विमुक्तो मामुपैष्यसि ॥ ગી. ૯-૨૮.

કીર્તનાદિથી વૃદ્ધિને પામે છે. એ બીજ દૃઢ કરવાને માટે જરૂરનું છે કે ઘર આગળ સ્થિતિ કરી પોતાના વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે ચાલી પૂજા, શ્રવણ કીર્તનાદિથી શ્રી કૃષ્ણની ભક્તિ કરવી.[1]

શ્રવણ. એ પ્રમાણે મન જ્યારે સર્વ શક્તિમાન ઇશ્વરની ખાસ સેવામાં રોકાયલું ન હોય, ત્યારે ભક્તજને શ્રવણ કીર્તન અને સ્મરણ કરવું જોઈએ. સર્વ શક્તિવાન ઇશ્વરના ગુણોનું વર્ણન અને લીલાઓની જે કથાઓ દુનિયાદારી વિષયોમાંથી મનને ખેંચી લઈ સર્વ શક્તિવાન ઇશ્વરમાં સ્થાપન કરે, તે સાંભળવી એને શ્રવણ કહે છે. આવી કથાઓ સાંભળવાથી ઇશ્વરના ગુણો કર્ણદ્વારા અંતઃકરણમાં પ્રવેશ કરે છે, અને ત્યાં રહેલા દોષો અથવા પાપોને વલોવી નાખી કીર્તન દ્વારા મુખથી બહાર કાઢી નાખે છે. આ પ્રમાણે થોડા વખત સુધી અભ્યાસ કરવામાં આવે તો અંતઃકરણ નિર્મળ થાય છે.[2]

જે પદો અને વાકયોવડે સર્વ શક્તિમાન ઇશ્વરનું વર્ણન કરવામાં આવે છે, તે પદો અને વાકયોની શક્તિ અને તાત્પર્યનો ભગવાનને વિષે નિર્ણય કરવો, એ શ્રવણનો હેતુ છે.[3]

સર્વ શક્તિમાન ઇશ્વર સંબંધી કથાઓમાં એમના મુખ્ય ૬ ગુણો અથવા ધર્મો, (૧) ઐશ્વર્ય, (૨) વીર્ય, (૩) યશ, (૪) શ્રી,

---

(૧) बीजभावे दृढे तु स्यात्यागाच्छ्रवणकीर्तनात् । १ ॥
बीजदार्ढ्यप्रकारस्तु गृहेस्थित्वा स्वधर्मतः ॥
अव्यावृत्तो भजत्कृष्णं पूजया श्रवणादिभिः ॥ २ ॥
भक्तिवर्द्धिनी.

(૨) श्रवणे प्रविशति कथापुरो हृदये ततः सर्वमेव दोष मालोड्य मुखतो निःसरति एवं कियत्कालपर्यावृत्या सर्वथैव शुद्धोभवति ॥ સુબોધિની.

(૩) श्रवणं भगवद्वाचकानां पदवाक्यानां भगवति शक्तितात्पर्यावधारणम् । સુબોધિની. કૃષ્ણલીલામૃત ભા. ૨ પૃ. ૨૨૦.

(૫) જ્ઞાન; અને (૬) વૈરાગ્યનું વર્ણન આવે છે. આ ગુણો અથવા ધર્મો મુક્તિ આપવાને સમર્થ છે, અને તે આનંદરૂપ છે. એટલા માટે સર્વ શક્તિમાન ઈશ્વરની કથાઓ કથામૃત કહેવાય છે. આજ કથામૃત ખરૂ અમૃત છે, કેમકે તે મોત નિવર્તક છે. તે વૈરાગ્ય ઉત્પન્ન કરે છે, અને પાપોનો નાશ કરે છે.[1] ભગવત્કથાઓ સર્વ દુનિયાઓમાં વ્યાપી રહેલી છે; તેથી આ કથામૃત પણ સઘળે વ્યાપ્ત છે. ભગવાન અવતાર દશામાં દૃશ્યમાન થઇ, અવતારની સમાપ્તિમાં અદૃશ્ય થાય છે, પણ કથામૃત તો હમેશ દૃશ્યમાન રહે છે.[2]

કીર્તન. ભગવદ્વાચક શબ્દોની શક્તિનો અને તાત્પર્યનો બીજાને બોધ કરવો, અથવા પોતે તે તાત્પર્યને જાણવું તેનું નામ કીર્તન.[3]

સર્વ શક્તિમાન ઈશ્વરના મહત્વનું જ્ઞાન સંપાદન કરીને એમની કીર્તિનું ગાન કરવું જોઇએ. દુનિયાંદારીમં લાગી રહેલા ચિત્તથી કરવું નહિ જોઇએ.[4]

જેમ જળના પુરથી કચરાનો ઢગલો ઘસડાઇ જાય છે, તેમ ભગવાનની પવિત્ર કીર્તિ સાંભળવાથી અને તેનું ગાન કરવાથી પાપો અથવા દોષોનો નાશ થાય છે.[5]

---

(૧) यथा तव सामर्थ्यं तथा सापि षड्गुणात्मिका. मोक्षदायिनी. परमानंदरूपा च तदाहुः । तव कथा अमृतमिव अमृतं भगवद्रसात्मकं सर्वेषां मरणादिनिवर्त्तकं यद्रूपं तदमृत शब्देनोच्यते अतो मोक्षदातृत्वं परमानंदरूपता च सिद्धाः વિગેરે.
સુબોધિની. પૃ. ૧૨૧૭

(૨) कथा तु समागता न तिरोभवति વગેરે સુબોધિની. ૧૦-૩૧-૯

(૩) शक्तितात्पर्यबोधनं कीर्तनम् । સુબોધિની.

(૪) विषयाविष्टचित्तानां विष्णवावेशस्तु दूरत इति ॥ (સુબોધિની)

(૫) पुण्ये श्रवणकीर्तने अस्य अनेन पापं जलपूरेणेव नाश्यते ('સુબોધિની')

ઇશ્વરના ધર્મો અથવા ગુણો એવા પ્રકારના છે કે જે તેઓનું ગાન કરે છે તેઓને તે ઉત્કૃષ્ટ બનાવે છે. શક્તિરૂપ હોવાથી બહારની ક્રિયાની અપેક્ષા વગર તેઓ કાર્ય કરે છે.[1]

સ્મરણ. ઇશ્વરના નામને યાદ કરવાં એને સ્મરણ કહે છે.

બ્રહ્મવાદના સિદ્ધાન્ત પ્રમાણે સર્વશક્તિમાન ઇશ્વરનાં નામ અને રૂપો કલ્પિત નથી, પણ સત્ય છે, કેમકે તે નામ અને રૂપો એમણેજ બનાવ્યા છે. ઇશ્વરનાં નામ અને રૂપ, વેદ અને વેદાર્થરૂપ હોવાથી તે સર્વને પવિત્ર કરે છે. એમનાં નામોને એમના રૂપો સાથે નિકટ સંબંધ હોવાથી એ નામોના ધ્યાન કરતાં સર્વ પ્રાયશ્ચિત્તરૂપ કર્મો ઉતરતાં છે.[2]

શ્રીકૃષ્ણ ઇત્યાદિ નામોને વિષે ભગવાનનું સાકારત્વ હોવાથી, શ્રીશબ્દવડે સૌંદર્ય કહેવાય છે.[3]

સર્વ શક્તિમાન ઇશ્વરના ધર્મોની છાપ એમની મોટાઇ અને એમનાં નામો યાદ કરવાથી અંતઃકરણ ઉપર પડે છે.

જ્ઞાન સહિત, શુદ્ધભાવથી, અને વસ્તુનુ તત્વ જાણીને ભગવાનનાં નામ તેવી બુદ્ધિપુર્વક લેવાં જોઇએ.[4]

સેવા, શ્રવણ, કીર્તન અને સ્મરણનો મુખ્ય હેતુ નિરોધ પ્રાપ્ત કરવાનો છે. પ્રપંચની વિસ્મૃતિપૂર્વક

નિરોધ. ભગવાનને વિષે દૃઢ આસક્તિને નિરોધ કહે છે.[5]

---

(૧) गुणास्त्वनुभावरूपाः क्रियां नापेक्षन्ते
સુ. કૃષ્ણલીલામૃત ભા. ૧ પૃ. ૧૩૫.

(૨) वेदवेदार्थरूपत्वान्नामैवाऽखिल शोधकम् ॥
तद्ध्येतृध्यानसिद्धि प्रायश्चित्तं तु दुर्बलम् ॥
નિબંધ ભાગવતાર્થ. પૃ. ૩૩૮

(૩) साकारत्वात्तु सौंदर्यं श्रीशब्देनाभिधीयते
સુ. ભા. ૧-૫-૫૩ પૃ. ૨૨૩

(૪) ज्ञानपूर्वक शुद्धभावेन वस्तुतत्त्वेज्ञात एव तद्बुद्ध्या उच्चारितानि
સુબોધિની.

(૫) प्रपंच विस्मृतिपूर्वकभगवदासक्तिः निरोधः ॥

નિરોધની ત્રણ કક્ષા.

નિરોધની ત્રણ કક્ષા છે. ૧ પ્રેમ, (૨) આસક્તિ, અને (૩) વ્યસન. પ્રેમ એટલે ભગવાનને વિષે નિરૂપાધ સ્નેહ. ભગવાનની મોટાઈનું જ્ઞાન સંપાદન કરવાથી એમને વિષે પ્રેમ ઉત્પન્ન થાય છે. આ પ્રેમ જ્યારે ઉંડાઇ અને વિસ્તારમાં વધે છે ત્યારે દુનિયાંદારી પદાર્થો ઉપરનો સ્નેહ નિવૃત્ત થતો જાય છે, અને (ધીમે ધીમે) દુનિયાંદારી વસ્તુઓની વિસ્મૃતિ પૂર્વક ભગવાનને વિષે દૃઢ નિરૂપધિ સ્નેહ બંધાય છે. મનની આ સ્થિતિને આસક્તિ કહે છે.

સર્વ શક્તિમાન ઈશ્વર સંબંધી વિચારોમાં સતત્ મન સંપૂર્ણ રીતે ગુંથાયલું રહે, અને તેમાંથી સંસાર અથવા દુનિયાંદારીના વિચારો સંપૂર્ણરીતે બાતલ થાય, એવી મનની સ્થિતિને વ્યસન કહે છે.

જ્યારે મન [ચિત્ત] સર્વ શક્તિમાન ઈશ્વરના ગુણોમાંજ ગુંથાયલું [આવિષ્ટ] રહે છે ત્યારે સંસારનાં દુઃખો અને ઇચ્છિત પદાર્થોના વિયોગથી ઉત્પન્ન થતા કલેશોનો અનુભવ થતો નથી, પણ ઈશ્વર સમાન સુખનો અનુભવ થાય છે.[1]

જ્યારે સર્વ શક્તિમાન ઈશ્વરના ગુણો અથવા ધર્મો ભકત જનમાં પ્રવેશ કરે છે, ત્યારે તે ગુણો અથવા ધર્મો તેને દુનિયાદારી [સંસારી] વિષયોને વિષે સ્થિર વૈરાગ્ય ઉત્પન્ન કરે છે. ઈશ્વરના ગુણો અથવા ધર્મોના સ્પર્શને લીધે ભક્તજનને કોઈ વખત દુઃખનો અનુભવ થતો નથી.[2] આ સ્થિતિ, જેને જીવન મુક્તિ કહે છે તેની પૂર્વાવસ્થા છે.

---

(૧) गुणेष्वाविष्टचित्तानां सर्वदा मुरवैरिणः
संसार विरह क्लेशौ न स्यातां हरिवत्सुखं ॥

નિરોધલક્ષણ ૧૩.

[२] भगवद्धर्मसामर्थ्यात् विरागो विषये स्थिरः ॥
गुणैर्हरेः सुखस्पर्शान्न दुःखं भाति कर्हिचित् ॥

નિરોધલક્ષણ ૧૫.

નિરોધ પછીનાં પગાથયાં મુકિત અને આશ્રય છે. જ્યારે સંપૂર્ણ રીતે નિરોધ પ્રાપ્ત થાય છે ત્યારે ભકત જન બ્રહ્મ વિષે સ્થિતિ કરે છે. આવો ભકત મુક્તિને પ્રાપ્ત કરે છે, કેમકે છાંદોગ્ય ઉપનિષદ્‌માં કહ્યું છે કે જે બ્રહ્મને વિષે સ્થિતિ કરે છે તે અમૃતત્વ (મુક્તિ) પ્રાપ્ત કરે છે.[1]

મુકિત અને આશ્રય.

જો આવો ભક્ત સર્વશક્તિમાન ઇશ્વરમાં મળી ગયો (સાયુજય પામ્યો) ન હોય તો, તેને તેજ ઇશ્વરનો આશ્રય રાખવાનો રહે છે, કેમકે એજ નાશરહિત છે, અને એમનાજ ઉપર મહા પ્રલયની અસર થતી નથી. એ રીતે મુક્ત પ્રાપ્ત કર્યા પછી ભગવાનના ઉપર આધાર રાખવો એને આશ્રય કહે છે.

સેવા, શ્રવણ, કીર્તન અને સ્મરણ એ સર્વનો એકજ હેતુ હોવાથી, એટલે સર્વ શક્તિમાન ઇશ્વરમાં ચિત્ત પરોવાયેલું રાખવાનો હેતુ હોવાથી, શ્રવણ, કીર્તન અને સ્મરણને સેવાનોજ ભાગ ગણવામાં આવે છે. ભક્તિનો હેતુ ભગવાન ઉપર નિરૂપધિ પ્રેમ (સ્નેહ) રાખવાનો હોવાથી, સેવા અને ભક્તિ એ શબ્દો પણ એકજ અર્થમાં વપરાય છે..

સેવા અને ભકિત.

ભજ એ ધાતુ સેવાના અર્થમાં વપરાય છે, તેથી ઘણા સાધનવાળી ભક્તિને પંડિતો સેવા કહે છે[2]

પુષ્ટિમાર્ગના સિદ્ધાન્ત પ્રમાણે સર્વ કર્મોનાં તેમજ સેવાનાં ફળ સર્વ શક્તિમાન ઇશ્વરની કૃપાનેજ આધીન છે. જ્યારે તે સેવાથી પ્રસન્ન થાય છે ત્યારે સામાન્ય રીતે નીચે પ્રમાણેનાં ફળ

સેવાનાં ફળ.

---

(૧) ब्रह्मसंस्थोऽमृतत्वमेति ॥ છાંદોગ્ય. ૨–૨૩ પૃ. ૩૧૭.

(૨) भज इत्येष वै धातुः सेवायां परिकीर्तितः
तस्मात् सेवा बुधैः प्रोक्ता भक्तिः साधन भूयसि.
ઉપદેશમીમાંસા પૃ. ૯૪.

પ્રાપ્ત થાય છે.[1]

(૧) અલૌકિક સામર્થ્યની પ્રાપ્તિ. એની અંદર સર્વ પ્રકારની સિદ્ધિઓ અથવા અદ્‌ભુત શક્તિઓનો સમાસ થાય છે.

(૨) સાયુજ્ય એનો અર્થ સર્વ શકિતમાન ઇશ્વરની સાથે જોડાઇ જવું, અથવા એમની સાનિધ્યમાં રહેવું.

(૩) સર્વ શક્તિમાન ઇશ્વરની સેવા કરવાને યોગ્ય, તથા વૈકુંઠમાં, તેમજ બીજી દુનિયાઓમાં, એમની આજ્ઞાઓને અમલમાં મુકવાને યોગ્ય, એવા પારમાર્થિક દેહની પ્રાપ્તિ.

પુષ્ટિમાર્ગની વિલક્ષણતાનાં ચિન્હો નીચે મુજબ છે.

પુષ્ટિમાર્ગની વિલક્ષણતાનાં ચિન્હો.

[૧] આ માર્ગમાં માત્ર એક જ ઇશ્વર, જે શ્રીકૃષ્ણ, પરબ્રહ્મ પરમાત્મા, અથવા ભગવાન કહેવાય છે, તેમનાજ ઉપર પ્રેમ રખાય છે, અને તેમનીજ સેવા અને પૂજા કરવામાં આવે છે.

[૨] આ માર્ગમાં શાસ્ત્રમાં કહેલી વિધિઓ અને ક્રિયાઓને પ્રાધાન્ય આપવામાં આવતું નથી, (જેમ કર્મમાર્ગમાં આપવામાં આવે છે તેમ) પણ સર્વ શક્તિમાન ઇશ્વર તરફ નિરૂપધિ પ્રેમ (સ્નેહ) અને પ્રેમનેજ પ્રાધાન્ય આપવામાં આવેછે.

(૩) આ માર્ગમાં ઇશ્વરનાં સર્વ શક્તિમાનપણા અને કૃપાને વિષે પુર્ણ વિશ્વાસ રાખવાની આજ્ઞા છે. દુનિયાંદારી વસ્તુઓની પ્રાપ્તિને અર્થે પ્રાર્થનાની અગત્ય સ્વીકારવામાં આવતી નથી.

(૪) મર્યાદા માર્ગમાં જે સાધનો કહેલાં છે તે સંપાદન કરવામાં મેહેનત અને દુઃખ વેઠવાં પડે છે. પુષ્ટિમાર્ગમાં કહેલી સેવા, જે સામગ્રી ઘણાશ્રમ વગર મળી શકે તેવડે, પ્રેમ સહિત કરવામાં આવે છે, તેથી તે સુખ અને આનંદજનક છે.[2]

---

1 सेवायां फलत्रयम् । अलौकिकसामर्थ्यं सायुज्यं सेवौपयिकदेहो वा वैकुंठादिषु ॥ સેવાફળ વિવરણ પૃ. ૫૮

2 श्रीकृष्णं पूजयेद्भक्त्या यथालब्धोपचारकैः नि. સર્વ. ૨૨૯.

(૫) પુષ્ટિમાર્ગમાં ભક્તિ નિરૂપધિ (નિર્મળ) પ્રેમથી શોરૂ થઇ, અધિક પ્રેમમાં જારી રહી સર્વોપરી પ્રેમમાં વિરામે છે.

(૬) મર્યાદામાર્ગમાં સર્વ શક્તિમાન ઈશ્વર શાસ્ત્રોને અનુસરીને ફળ આપે છે, પુષ્ટિમાર્ગમાં એ ગમે તે પ્રકારનાં ફળ આપવાને સ્વતંત્ર છે, અને ઘણું કરીને ભકતજન, જે સ્વતંત્ર છે, તેની ઈચ્છાનુસાર દામોદરલીલાની માફક ભગવાન ફળ આપે છે.[1]

પુષ્ટિ અથવા કૃપાનું સ્વરૂપ.

પુષ્ટિ. સર્વ શકિતમાન કૃષ્ણની કૃપારૂપ પુષ્ટિ છે. તે કાળ, કર્મ, અને સ્વભાવના પ્રભાવને [અસરો]ને નષ્ટ કરે છે.[2]

કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ વગેરે માર્ગ કરતાં પુષ્ટિમાર્ગ અથવા નિર્ગુણ ભકિતમાર્ગની શ્રેષ્ટતા.

પુષ્ટિમાર્ગની શ્રેષ્ટતા. જ્યારે દેશ, કાળ, દ્રવ્ય, મંત્ર, કર્તા, અને કર્મ એ છ પદાર્થો એમના શુદ્ધ સ્વરૂપમાં પ્રાપ્ત થઈ શકે, ત્યારેજ શાસ્ત્રમાં કહેલી યજ્ઞ યાગાદિ ક્રિયાઓ ફલિભૂત થાય એવી રીતે થઇ શકે. આ કલિકાળના સમયમાં એ છ પદાર્થો એમના શુદ્ધ સ્વરૂપમાં પ્રાપ્ત થવા અશકય છે, તે કારણથી યજ્ઞયાગાદિ ક્રિયાઓ ધારેલાં ફલ ઉત્પન્ન કરી શકતી નથી.

(૨) જ્ઞાનનો માર્ગ લાંબો, કંટાળા ભરેલો, અને આ કાળમાં સધાવો મુશ્કેલ છે, કેમકે જ્ઞાનને ઉત્પન્ન કરનાર સંપૂર્ણ વૈરાગ્ય પ્રાપ્ત થવો મુશ્કેલ છે. ગીતાજીમાં ભગવાન કહે છે કેઃ–જ્ઞાનવાન મનુષ્ય ઘણા જન્મોને અંતે મને પ્રાપ્ત થાયછે.[3]

---

૧ यत्र च भक्तस्य स्वातंत्र्यं तदिच्छानुसारेणं भगवत्कृतिर्यथा दामोदरलीलायां सा पुष्टिः ॥ નિબંધ ૩૦૨

૨ कृष्णानुग्रहरूपा हि पुष्टिः कालादिबाधिका નિબંધ. પૃ. ૩૩૬.

૩ बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते ગીતા. ૭-૧૯.

વળી જ્ઞાનને માર્ગે જનારને અભિમાન (અહંતા) ઉત્પન્ન થવાની દેહેશત છે. જ્યારે જ્ઞાન પ્રાપ્ત કરવામાં આવે છે ત્યારે મન નિર્મળ થાય છે, અને મનુષ્ય ખરા અને ખોટા વચ્ચેનો તફાવત જાણી શકે છે. જ્ઞાનની સહાયતાથી મનુષ્ય સંસારરૂપી સમુદ્રને સહિસલામત રીતે તરી શકે, પણ પ્રેમ–સ્નેહ–ભક્તિનેઅભાવે સંસારરૂપી સમુદ્રના કીનારાથી ઘણે દૂર રહેલા ઇશ્વરને પોહોચી શકે નહિ.

(૩) કર્મ અને જ્ઞાનમાર્ગમાં મનુષ્યને પોતાનાજ બળનો આશ્રય કરવાની જરૂર છે, ભક્તિમાર્ગમાં આત્મનિવેદનને લીધે સર્વ શક્તિમાન ઇશ્વરની અનંત શકિતઓનું અવલંબન કરવાનો ભકતજનને અધિકાર પ્રાપ્ત થાય છે.

(૪) ધર્મના સામાન્ય રીતે બે ભાગ પાડી શકાય છે. એકમાં ક્રિયાઓ રહેલી અને બીજામાં તેઓનો અભાવ છે. પેહેલાને પ્રવૃત્તિમાર્ગ કહે છે, અને બીજાને નિવૃત્તિમાર્ગ કહે છે. પેહેલામાં યજ્ઞ અને બીજી ક્રિયાઓનો સમાસ થાય છે, અને બીજામાં જ્ઞાન, તપ, વગેરેનો સમાસ થાય છે. જે ક્રિયાઓમાં દ્રવ્યો (વસ્તુઓ)નો ખપ પડે છે, તે બીજાને ઉપદ્રવ કરનારી છે. જ્ઞાનમાર્ગની પેઠે જેમાં, તપ, કાયક્લેશ ઉત્પન્ન કરે એવી ક્રિયાઓ વિગેરેની અગત્ય છે, તે પોતાને ઉપદ્રવ કરે છે.[1] ઇશ્વર સર્વ પ્રાણી માત્રના આત્મા છે. એ ઉપરથી અનુમાન થાય છે કે જે ધર્મમાં સર્વના ઉપર બેહદ દયા રાખવાની આજ્ઞા હોય, અને જે ધર્મ પોતાને તેમજ બીજાને ઉપદ્રવ કરતા ન હોય, અને જેમાં ઇશ્વર ઉપર અત્યંત પ્રેમ રાખવાનો ઉપદેશ હોય તેજ ઉત્તમોત્તમ, અને વરિષ્ટ ધર્મ છે.[2]

---

૧ द्रव्यमयश्चेत् परोपद्रवकारी क्रियामयश्चेदात्मोपद्रवकारी ज्ञानमयश्च तथायमेवापरितोषः तपासि સુબોધિની.

૨ सर्वेषां जीवा यस्मादिति वा सर्वेषां जीवात्मरूपो वा अतः सर्वोपकारिणी धर्मतोषः ॥ સુબોધિની.

આવો ધર્મ હોવાનો દાવો પુષ્ટિમાર્ગ અથવા નિર્ગુણ ભકિતમાર્ગ સિવાય બીજો કોઈ માર્ગ કરી શકે એમ નથી.

(૫) જો કોઇપણ કાળે એકજ ધર્મ અને એકજ તત્ત્વ-વિદ્યાનો સર્વત્ર સ્વીકાર થવાનો સંભવ હોય તો, શ્રીમદ્વલ્લભાચાર્યજીએ બોધ કરેલા ધર્મ અને તત્ત્વવિદ્યાનોજ સ્વીકાર થશે. એમનો ઉપદેશ આખા વિશ્વને અનુકૂળ હોવાથી હિંદુઓ તેમજ મુસલમાનોને તેને માટે ઘણું માન હતું.

શ્રીમદ્વલ્લભાચાર્યજી કહે છે કેઃ-સર્વશકિતમાન ઇશ્વર ઉપર અંતઃકરણપૂર્વક પ્રેમ રાખવો એજ માત્ર સર્વનો ધર્મ છે. કોઇ કાળે બીજો કોઈ ધર્મ નથી.[1]

સામાન્ય ટીકા.

(૧). નિરોધનું મુખ્ય લક્ષણ એ છે કે ગમે તે ઉપાયવડે મનનો સર્વ વ્યાપાર સર્વ શકિતમાન ઇશ્વર સંબંધી કરવો જોઇએ.[2]

સામાન્ય ટીકા. (૨) જેઓ પોતાના મનને સર્વશકિતમાન ઇશ્વરમાં જોડે છે. તેઓ શીઘ્ર એમનેજ પ્રાપ્ત થાય છે.[3]

(૩) ભકતજનનો (ભગવાનને વિષે) નિરોધ એવા પ્રકારનો થવો જોઇએ કે, સર્વશકિતવાન ભગવાનનો નિરોધ ભકતજનને વિષે પણ થાય. તે બંને નિરોધના સંબંધથી ભકતજનનો

---

૧ सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः ।
स्वस्यायमेव धर्मोहि नान्यः क्वापि कदाचन । ચતુઃશ્લોકી ૧.

૨ येन केनाप्युपायेन सर्वोपि मनोव्यापारो भगवद्विषक इति लक्षणः કૃષ્ણલીલામૃત ૧૪૨

૩ मय्येवं मनो युञ्जानाः अचिरात् शीघ्रमेव मामव्याप्स्यथ
સુબોધિની. કૃષ્ણલીલામૃત ભા. ૨. ૫૩.

નિરોધ દૃઢ થાય છે, બીજે કોઈ પ્રકારે તે દૃઢ થતો નથી.[1]

(૪) ભકિતને વિષે શાસ્ત્રોમાં કહેલા સંસ્કારોની આવશ્યકતા નથી, કેમકે ભકિત પ્રેમ અને બાજા સાધનોથી ઉત્પન્ન થાય છે.[2]

(૫) શાસ્ત્રીય જન્મો (જેવા કે શુકલ, સાવિત્ર, અને યાજ્ઞિક), જ્ઞાન, વ્રત, વગેરેની પ્રાણભૂત ભકિત છે. ભકિતને અભાવે એ જન્મો વગેરે વૃથા છે.[3]

(૬) સેવાના માત્ર દેખાવથી, અથવા સેવાના માત્ર અનુકરણથી કાંઇ ફળ ઉત્પન્ન થતું નથી.[4]

(૭) જે મન વિષયાવિષ્ટ છે, અથવા વિષયોથી ભેદાયલું છે, તે મનમાં સર્વશકિતમાન ઈશ્વર સંબંધી વિચારોનો પ્રવેશ થવાનો સંભવ નથી.[5]

નિર્ગુણ ભકિત એ સર્વ પ્રાણીમાત્રનો સ્વાભાવિક ધર્મ છે.[6] તે કર્મ અને જ્ઞાનમાર્ગથી કેવળ સ્વતંત્ર છે, ઉપાસના એ ભકિતથી કેવળ જુદીજ છે. નિર્ગુણ ભકિત (સર્વ શકિતમાન ઈશ્વર ઉપર સર્વ કરતાં અધિક પ્રેમ) અને બ્રહ્મવાદ અથવા શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત એ બન્ને સંવાદિન (અવિરૂદ્ધ, અનુસરતાં) છે અને તે [નિર્ગુણ ભકિત] ઉપનિષદો સહિત વેદ, ગીતા, બ્રહ્મસૂત્ર અને

---

१ निरोधो यदि भक्तानां स्वस्मिन् स्वस्यच्चतेषुच ॥
तदोभय मुसम्बन्धात् दृढोभवति नान्यथा ॥
સુ. કૃષ્ણલીલામૃત ભા. ૧. ૧૫૫.

२ संस्काराणामहेतुत्वं भक्तेरन्यच्च साधनम्
કૃષ્ણલીલામૃત ભા. ૨ પૃ. ૭૪.

३ जन्मादीनां प्राणभूता भक्तिः तदभावे दाह पर्वोच्चितः ॥
કૃષ્ણલીલામૃત ભા. ૨ ૩૭.

४ कापट्ये तु न सेवायां फलम् ॥ કૃષ્ણલીલામૃત ભા. ૨ ૧૧૭.

५ विषयाविष्ट चित्तानां विष्णवावेशः तुदूरत इति ॥
विषयाक्रान्त देहानां नाऽवेशः सर्वथा हरेः ॥ સંન્યાસનિર્ણય.

६ स्वस्यायमेव धर्मोहि नान्यः क्वापि कदाचन ॥ ચતુઃશ્લોકી.

ભાગવત પુરાણ જે પ્રસ્થાન ચતુષ્ટય કહેવાય છે, તેને અનુસરતી છે, એ વાત પદ્ધતિપુર્વક બતાવનાર એકલા અને પ્રથમ આચાર્યશ્રીમદ્વલ્લભાચાર્યજીજ છે.

શાસ્ત્રનો અર્થ. શ્રીમદ્વલ્લભાચાર્યજી કહે છે કેઃ—સર્વ શકિતમાન ઇશ્વરની નિર્ગુણભકિતદ્વારા એમની કૃપા પ્રાપ્ત કરવી, એજ સર્વ વેદો, રામાયણો, મહાભારત, પંચરાત્ર, અને તત્ત્વસૂત્રોસહિત બીજાં શાસ્ત્રોમાં સમાયલી આજ્ઞાઓનો ખરો અર્થ છે. આજ અર્થનિર્ણય ભગવાને સર્વ કાળને માટે કૃપાથી કર્યો છે.[1]

ગીતાજીમાં ભગવાન કહે છે કે, સર્વદા સર્વ કર્મ કરતાં મારો આશ્રય કરનાર મારી કૃપાથી શાન્ત અને નાશરહિત પદને પ્રાપ્ત કરે છે.[2]

મારામાં ચિત્ત રાખવાથી તું મારી કૃપાથી સર્વ ભયો (દુસ્તર કામ ક્રોધાદિ) ને તરી જઇશ.[3]

કર્મ, જ્ઞાન, અને ભકિત એ ત્રણ માર્ગ પોત પોતાના અધિકારાનુસાર ફલ આપવાવાળા છે, પરંતુ હાલ આ કલિકાલમાં સર્વ અધિકાર નષ્ટ થઈ ગયા છે, તે કારણથી શ્રીકૃષ્ણની ભકિત સહિત સેવા કરનારને કલિ ફલિભૂત થશે.[4]

---

૧. अर्थोऽयमेव निखिलैरपिवेदवाक्यै
रामायणैः सहितभारतपंचरात्रैः ॥
अन्यैश्च शास्त्रवचनैः सहतत्त्वसूत्रै ।
निर्णीयते सहृदयं हरिणासदैव ॥ નિબંધ શા. ૧૦૪

૨ सर्वकर्माण्यपि सदा कुर्वाणोमद्व्यपाश्रयः ।
मत्प्रसादादवाप्नोति शाश्वतं पदमव्ययम् ॥ ગીતા ૧૮–૫૬

૩ मच्चित्तः सर्वदुर्गाणि मत्प्रसादात्तरिष्यसि ॥ ગી. ૧૮–૫૮.

૪ स्वाधिकारानुसारेण मार्गास्त्रेधा फलाय हि
अधुना ह्यधिकारास्तु सर्व एव गताः कलौ ॥
कृष्णश्चेत्सेव्यते भक्त्या कलिस्तस्य फलाय हि ॥ નિબંધ શા. ૧૯

ઉત્તમ માર્ગ.

આ માર્ગ (પુષ્ટિમાર્ગ અથવા નિર્ગુણ ભક્તિમાર્ગ,) સર્વ માર્ગો કરતાં ઉત્તમ કહેવાય છે, કેમકે તેમાં ભગવાન પોતાના ભક્તોનું મોચન કરે છે, તેથી તેમાં પાત થવાનો ભય નથી.[1]

સમાપ્ત

---

૧ मार्गोऽयं सर्व मार्गाणामुत्तमः परिकीर्तितः
यस्मिन् पातभयं नाऽस्ति मोचक सर्वथा यतः ।
નિબંધ સર્વ. ૨૨૨

* रा. रा. लल्लुभाई प्राणवल्लभदासनां बनावेलां पुस्तको.

—— :o: ——

श्री वल्लभचरित्र ब्रह्मवाद साथे आवृति बीजी	१-०-०
पुष्टिमार्ग (अल्हाबादना कन्वेन्सन ओफरीलीजोन्समां वांचेलो निबंध) इंग्रेजी ०-३-० गुजराती सामटी प्रत लेनारने कीफायत	०-२-०
तत्वार्थदीपनिबंध शास्त्रार्थप्रकरण गुजराती	१-०-०
श्रीकृष्णलीलामृत भाग १ (श्रीसुबोधिनीजीने आधारे)	१-०-०
श्रीकृष्णलीलामृत भाग २ "	१-०-०
मालाप्रसंगनो सार	०-४-०
कामाख्यदोष विवरण गुजराती टीकासाथे	०-२-०
ब्रह्मवाद (विद्यानगरना राजानी सभानो शास्त्रार्थ)	०-४-०
श्रीमद्वल्लभाचार्यजीनुं संक्षिप्तजीवन तत्त्वज्ञान अने उपदेश अंग्रेजी अने गुजराती दरेकना	०-२-०

मलवानां ठेकाणां

मुंबइ. एन. एम. त्रिपाठीनी कुं० जेठाराम मुकुन्दजी० पी. डी. पंडीतनी कुं० बलदेवदास कीर्तनीया० वसनजी परमानंद. वडोदरा चतुरभाइ रणछोडदास. नगरठट्टा परमानंद मुरलीधरदास.

उपरनां पुस्तको तथा नीचे लखेलां पुस्तको नडियाद श्रीपुष्टिमार्गीय पुस्तकालयमांथी मळशे.

कुसंग विज्ञानप्रकार (श्री अनिरुद्धाचार्यजी कृत टीकासाथे)	०-२-०
पुष्टिमार्ग (चतुर्थ वैष्णव परिषद्नो निबंध श्री अनिरुद्धाचार्यजी कृत) शास्त्रीओना लेखो साथे	०-४-०
शुद्धाद्वैत मंजरी. (श्री अनिरुद्धाचार्यजी कृत) सटीक	०-३-०
पुष्टिमार्ग लक्षणानि (")	०-२-०
वैदिकमार्ग निरीक्षा (मुन्सीकृत	०-४-०
आम्नायतत्व भास्कर (छगनलाळशास्त्रीजी कृत)	०-५-०
भक्तिमार्गनुं रहस्य	०-५-०
दुर्मतध्वांत भास्कर	०-२-०
उपदेश मीमांसा (श्रीजीवनलालजीकृत)	०-१०-०
वैष्णवाह्निकाह्निक. "	१-०-०
उपदेशसुधा. (श्रीगोविंदाचार्यजीकृत सटीक)	०-४-०

वैष्णवोपयोगी नित्यकर्म (श्रीदेवकीनंदनजीनी आज्ञानुसार)	०-१-६
शास्त्रीय विचार (पुष्टिमार्ग कल्पित छे ए पुस्तकना आक्षेपोनो जवाब)	०-३-०
पुष्टिमार्गीय सिद्धान्त (पटवारीकृत)	०-१०-०
दीनताआश्रयना पदनो संग्रह	०-१०-०
श्रीमद्भगवद्गीता सुबोधिनी टीकासाथे गु०	०-८-०
भक्तिमार्तंड (श्री गोपेश्वरजी कृत) संस्कृत.	२-०-०
विद्वन्मंडन सुवर्णसूत्र टीकासाथे संस्कृत	२-४-०
प्रस्थान रत्नाकर श्रीपुरुषोत्तमजीकृत संस्कृत	२-०-०
ब्रह्मसूत्रवृत्ति मरिचीका व्रजनाथभट्टकृत सं०	२-०-०
ब्रह्मसूत्रवृत्ति भावप्रकाशिका श्रीकृष्णचंद्रकृत सं०	१-०-०
पुष्टिमार्गीय स्तोत्ररत्नाकर (पुरुषोत्तमसहस्रनामआदि ८१ ग्रंथ)	०-६-०
श्रीगुसांइजीकृत विज्ञप्ति गुजरातीभाषान्तर	०-४-०
वल्लभाख्यान मोटी टीकासाथे गु०	०-१०-०
संन्यासनिर्णय विस्तीर्ण टीकासाथे	०-३-०
भक्तिहंस ,,	०-२-०
जलभेद अने पंचपद्यानि ,,	०-३-६
पुष्टिप्रवाहमर्यादाभेद	०-५-०
गोपीगीत (समश्लोकी गुजराती साथे) अने यमुनाजीनां ४० पद. वगेरे.	०-१-६
श्रीनाथजीनुं प्राकट्य.	०-3-०
शुद्धाद्वैतमार्तंड प्रमेय रत्नार्णव साथे सं.	१-०-०
तत्त्वार्थदीपनिबंध शास्त्रार्थ अने सर्वनिर्णय प्रकरण प्रकाश तथा आवरणभंग टीका साथे सं०	५-०-०

उपरनां पुस्तको नडीआदमां अमारी पासेथी. तेमज अमदावादमां काशीदास जमनादास मुगटवाला, मुंबइमां बलदेवदास कीर्तनीया, पंडित जेष्ठाराम मुकुंदजी० अने वडोदरामां शेठ चतुर्भुजदास रणछोडदास, डाकोरमां हीरालाल अत्तरवाला, अने डाकोरमां आबुरोडनी खांडनी डीपोमां तथा भरुचमां श्रीमहाप्रभुजीनी बेठकना भंडारी पासेथी मलशे.

त्रिभोवनदास पीतांबरदास शाह

नडीयाद श्रीपुष्टिमार्गीय पुस्तकालयना मंत्री.